*This Question Paper contains 12 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 154(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 48 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
5) ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
6) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) ભાગીદારોના ઉપાડ પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(A) ખર્ચ (B) દેવું

(C) આવક (D) નુકસાન

2) A, B અને C નું નફા-નુકસાનનું પ્રમાણ 3 : 2 : 1 હોય અને વર્ષનો વહેંચણી પાત્ર નફો ₹ 66,000 હોય તો Cને કેટલો નફો મળે ?

(A) ₹ 11,000 (B) ₹ 22,000

(C) ₹ 33,000 (D) ₹ 66,000

3) અધિક નફો એટલે ........

(A) રોકાયેલી મૂડી - અપેક્ષિત નફો

(B) અપેક્ષિત નફો - રોકાયેલી મૂડી

(C) સરેરાશ નફો - અપેક્ષિત નફો

(D) અપેક્ષિત નફો - સરેરાશ નફો

https://www.gujaratboardonline.com

4) જ્યારે પેઢીમાં દર વર્ષે નફો વધતો હોય ત્યારે કઈ પધ્ધતિ મુજબ પાઘડી માટે નફાની ગણતરી કરવી વધુ હિતાવહ છે ?

(A) સાદી સરેરાશ (B) ભારિત સરેરાશ

(C) વાર્ષિક વૃધ્ધિ દર (D) ચક્રવૃધ્ધિ દર

5) ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ સંશોધન-વિકાસ ખર્ચ ક્યાં દર્શાવવામાં આવે છે ?

(A) પુનઃ મૂલ્યાંકન ખાતામાં જમા બાજુ

(B) પુનઃ મૂલ્યાંકન બાદનાં પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ

(C) ભાગીદારોનાં મૂડી ખાતામાં જમા બાજુ

(D) ભાગીદારોનાં મૂડી ખાતામાં ઉધાર બાજુ

6) ભાગીદારી પેઢીમાં પુનર્ગઠન વખતે યંત્રો ...... કિંમતે પુનઃ મૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે ?

(A) ચોપડે કિંમતે (B) પડતર કિંમતે

(C) બજાર કિંમતે (D) દાર્શનિક કિંમતે

7) ભાગીદારના પ્રવેશ વખતે પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ પાઘડીની નોંધ ..... થાય છે.

(A) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર, પાઘડી ખાતે જમા

(B) નવા ભાગીદાર સહિત બધા ભાગીદારોનાં મૂડી ખાતે નવા નફા-નુકસાનના પ્રમાણમાં જમા, પાઘડી ખાતે ઉધાર

(C) પ્રવેશ પામનાર ભાગીદારોનાં મૂડી ખાતે જમા, પાઘડી ખાતે ઉધાર

(D) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા, પાઘડી ખાતે ઉધાર

8) પુનઃ મૂલ્યાંકન ખાતું ....... પ્રકારનું ખાતુ છે.

(A) વ્યક્તિ (B) ઉપજ-ખર્ચ

(C) માલ-મિલકત નિકાલ (D) કામચલાઉ

9) પ્રોવિડન્ટ ફંડ ભાગીદારની નિવૃત્તિ વખતે ...... તરીકે નોંધાય છે.

(A) નવા પાકા સરવૈયામાં જવાબદારી તરીકે

(B) બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા

(C) બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર

(D) નિવૃત્ત થતા ભાગીદાર ખાતે જમા



https://www.gujaratboardonline.com

10) ભાગીદારી પેઢીનું વિસર્જન કેટલી રીતે થઈ શકે ?

(A) એક
(B) ત્રણ
(C) બે
(D) ચાર

11) પેઢીનાં વિસર્જન સમયે નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(A) માલમિલકત નિકાલ ખાતે
(B) રોકડ ખાતે
(C) નફા-નુકસાન ખાતે
(D) ભાગીદારોના મૂડી ખાતે

12) નીચેનામાંથી કઈ મૂડી કંપનીના પાકા સરવૈયામાં 'શેરમૂડી' ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવતી નથી ?

(A) સતાવાર મૂડી
(B) બહાર પાડેલી મૂડી
(C) અનામત મૂડી
(D) ભરાયેલી મૂડી

13) ભારતમાં SEBI ની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1992
(B) 1932
(C) 1956
(D) 1991

14) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડતાં મળેલ પ્રીમિયમની રકમ ...... છે.

(A) મહેસૂલી નફો
(B) મૂડી નુકસાન
(C) મહેસૂલી નુકસાન
(D) મૂડી નફો

15) સામાન્ય રીતે નાણાંકીય પત્રકોનાં વિશ્લેષણમાં કેટલી બાબતોનું વિશ્લેષણ કરવામાં આવે છે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

16) ધંધાની ટૂંકા ગાળાની સધ્ધરતા અંગેની માહિતી ...... નું વિશ્લેષણ આપે છે.

(A) નફાકારકતા
(B) તરલતા
(C) સધ્ધરતા
(D) કાર્યક્ષમતા

17) ચાલુ મિલકતોમાંથી કઈ મિલકત બાદ કરવાથી પ્રવાહી મિલકતો મળે છે ?

(A) સ્ટોક
(B) રોકડ અને બેન્ક સિલક
(C) દેવાદારો
(D) લેણીહુંડીઓ

18) નીચેનામાંથી કયો ગુણોત્તર નફાકારકતાનો ઉપજ આધારિત ગુણોત્તર છે ?

(A) દેવા-ઇક્વિટી ગુણોત્તર
(B) ચોખ્ખા નફાનો ગુણોત્તર
(C) કામગીરી ગુણોત્તર
(D) સ્ટોક ચલન દર

P.T.O.



https://www.gujaratboardonline.com

19) નીચેનામાંથી કયો વ્યવહાર હંમેશા કામગીરી પ્રવૃત્તિનો વ્યવહાર બને છે ?
    (A) લોનનું ચૂકવેલ વ્યાજ    (B) મળેલ ડિવિડન્ડ
    (C) ચૂકવેલ ડિવિડન્ડ    (D) પગારનો ખર્ચ

20) નીચેનામાંથી કોનો નાણાકીય ખર્ચમાં સમાવેશ થાય છે ?
    (A) કારખાનાનાં ખર્ચા    (B) વહીવટી ખર્ચા
    (C) વેચાણના ખર્ચા    (D) વ્યાજનો ખર્ચ

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) પાઘડી પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે ?

22) ભાગીદારી પેઢીના એકત્રિત નફાની રકમની વહેંચણી અંગેની નમૂનાની આમનોંધ લખો.

23) નિવૃત્તિ કે મૃત્યુ વખતે તે ભાગીદારને તેના ભાગની પાઘડી કોના દ્વારા આપવામાં આવે છે ?

24) પેઢીના વિસર્જન સમયે વિસર્જન ખર્ચ કોણે ભોગવવાનો હોય છે ?

25) ભાગીદારીનું વિસર્જનનો અર્થ લખો.

26) 'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતું' પાકા સરવૈયામાં ક્યાં દર્શાવવામાં આવે છે ?

27) વ્યાજ આવરણ ગુણોત્તર શું દર્શાવે છે ?

28) સ્ટોકમાં ફેરફાર ઋણ હોય તો વેચેલ માલની પડતરમાં ઉમેરાય કે બાદ થાય ?

29) રોકડ પ્રવાહ પત્રક એટલે શું ?

30) સ્વનિર્મિત મિલકતો ક્યાં નોંધવામાં આવે છે ?

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 3 ગુણ છે. (કોઈપણ ચાર)** **[12]**

31) ધ્રુવા, દર્શી, પ્રાંશી 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા ભાગીદારો છે. વર્ષના અંતે હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ ગણવાનું રહી ગયું છે. ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2,000, ₹ 1,600 અને ₹ 1,200 છે. ભૂલ સુધારણા નોંધ લખો.

32) અપૂર્વ, અક્ષય અને આર્ય એક પેઢીનાં ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 1 : 2 : 2 છે. બધાજ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3 : 2 : 1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી કરો.


https://www.gujaratboardonline.com

33) ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અદાલત કેવા સંજોગોમાં હુકમ કરી શકે છે ? સમજાવો.

34) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :

(1) પેઢીનો વિસર્જન ખર્ચ ₹ 10,000 થયો.

(2) ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધ ₹ 12,000 પૈકી ₹ 8,000 પરત મળ્યા.

(3) એક પેઢીનાં ચોપડે પાઘડી દર્શાવેલ નથી પરંતુ વિસર્જન સમયે તેના વેચાણના ₹ 40,000 ઉપજ્યા.

35) નવ્યા લિમિટેડ તા. 1-4-2017 ના રોજ ₹ 100 નો એક એવા 11 ટકાના 6,000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા. 6 વર્ષ બાદ તા. 31-3-2023 ના રોજ બધા ડિબેન્ચર પરના નાણાં 10 ટકાના પ્રીમિયમથી પરત કરવાનાં છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

36) શેર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ જરૂરી ગણતરી સાથે લખો. દરેકના 4 ગુણ છે. (કોઈપણ ત્રણ)** **[12]**

37) નીચેની માહિતી પરથી ભરત અને યશની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2018-19 | 20,000 |
| 2019-20 | 30,000 |
| 2020-21 | 37,500 |
| 2021-22 | 45,000 |
| 2022-23 | 60,000 |

38) અંજલિ અને આકાંક્ષાની પેઢીની મૂડી ₹ 8,00,000 છે અને અપેક્ષિત વળતર દર 12% છે. છેલ્લા ત્રણ વર્ષનો નફો અનુક્રમે ₹ 1,00,000, ₹ 1,40,000 અને ₹ 90,000 છે. પાઘડીનું મૂલ્ય છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ અધિક નફાના 2 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાનું છે.

P.T.O.


https://www.gujaratboardonline.com

39) આરાધ્યા કંપની લિમિટેડ તા. 31-3-2022 અને તા. 31-3-2023 ના રોજ પૂરાં થતાં વર્ષના નફા-નુકસાનનાં પત્રકો ટૂંકમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે. તેના આધારે તુલનાત્મક નફા-નુકસાનનું પત્રક બનાવો.

| વિગતો | નોંધ નંબર | 31-3-2023 (₹ માં) | 31-3-2022 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઉપજો | | 25,35,000 | 19,50,000 |
| અન્ય આવકો | | 2,85,000 | 1,90,000 |
| વપરાયેલ માલની પડતર | | 11,40,000 | 9,50,000 |
| નાણાકીય ખર્ચાઓ | | 90,000 | 1,50,000 |
| ઘસારો | | 60,000 | 60,000 |
| અન્ય ખર્ચાઓ | | 4,25,000 | 3,40,000 |
| આવક વેરાનો દર 30% હતો. | | | |

40) હરિ લિમિટેડની નીચે આપેલી વિગતોના આધારે ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર ગણો.

| વિગત | (₹) | વિગત | (₹) |
|---|---|---|---|
| રોકડ અને રોકડ સમકક્ષ | 1,80,000 | લેણદારો | 2,00,000 |
| દેવાદારો | 1,20,000 | દેવી હૂંડી | 1,00,000 |
| લેણી હૂંડી | 60,000 | ખર્ચા ચૂકવવાનાં બાકી | 80,000 |
| સ્ટોક | 1,40,000 | કરવેરાની જોગવાઈ | 80,000 |
| ચાલુ રોકાણો | 1,00,000 | | |

41) સમર્થ કંપનીની નીચેની વિગતોના આધારે કામગીરીમાંથી ઉદભવતા રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો.

કાર્યશીલ મૂડીમાં ફેરફારો પહેલાનો નફો ₹ 4,95,000;
દેવાદારોમાં વધારો ₹ 75,000;
લેણી હૂંડીમાં ઘટાડો ₹ 40,000;
સ્ટોકમાં ઘટાડો ₹ 30,000;
અગાઉથી ચૂકવેલ ખર્ચમાં વધારો ₹ 25,000;
ખર્ચા ચૂકવવાના બાકી (વધારો) ₹ 15,000;
લેણદારોમાં ઘટાડો ₹ 20,000.



https://www.gujaratboardonline.com

## વિભાગ - E

■ નીચેના પ્રશ્નોનાં માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 8 ગુણ છે. (કોઈપણ ત્રણ) [24]

42) શ્રેયા અને રીયા 2 : 1 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીનાં ભાગીદારો છે. તા. 31-3-2023 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ ₹ | મિલકત - લેણાં | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | પાઘડી | 30,000 |
| શ્રેયા | 1,30,000 | | મકાન | 2,00,000 |
| રીયા | 1,20,000 | 2,50,000 | ફર્નિચર | 40,000 |
| મૂડી અનામત | | 21,000 | સ્ટોક | 26,000 |
| કારીગર બચતખાતાં | | 10,000 | દેવાદારો | 24,000 |
| કારીગર નફા-ભાગ ભંડોળ | | 12,000 | રોકડ | 80,000 |
| 10% ની લોન | | 50,000 | | |
| લેણદારો | | 57,000 | | |
| | | **4,00,000** | | **4,00,000** |

તા. 1-4-2023 ના રોજ તેઓએ પ્રિયાને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કર્યો :

(1) નવું નફા-નુકસાનનું પ્રમાણ 3 : 5 : 1 રાખવું.

(2) પ્રિયા મૂડી તરીકે ₹ 50,000 રોકડમાં લાવશે.

(3) લોન પર છેલ્લા વર્ષનું વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(4) રીયાના અંગત ખર્ચના ચૂકવેલ ₹ 8,000, નફા-નુકસાન ખાતે ઉધારેલ છે.

(5) પુનર્ગઠનના ખર્ચા ₹ 12,000 શ્રેયાએ ચૂકવેલ છે.

(6) પાઘડીનું મૂલ્યાંકન ₹ 2,70,000 આંકવામાં આવ્યું.

(7) પ્રિયાની મૂડીને પાયા તરીકે રાખી. શ્રેયા અને રીયાની મૂડી નવી પેઢીમાં નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી અને જરૂરી હવાલા ચાલુ ખાતામાં નાખવા.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

P.T.O.



https://www.gujaratboardonline.com

43) સિનિવા અને નકુલ એક પેઢીના 1 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2023 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

પાકું સરવૈયું

| મૂડી - દેવાં | | રકમ (₹) | મિલકત - લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | પાઘડી | 27,000 |
| સિનિવા | 1,00,000 | | જમીન-મકાન | 1,50,000 |
| નકુલ | 1,50,000 | 2,50,000 | યંત્રો | 50,000 |
| નફા-નુકસાન ખાતું | | 9,000 | સ્ટોક | 20,000 |
| સામાન્ય અનામત | | 15,000 | દેવાદારો | 30,000 |
| લેણદારો | | 25,000 | લેણી હૂંડી | 10,000 |
| ઘાલખાધ અનામત | | 8,000 | રોકડ | 20,000 |
| | | 3,07,000 | | 3,07,000 |

ઉપરની તારીખે તેઓએ રિકીને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. અન્ય બાબતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ 5,000 રાખવી.

(2) પાઘડીનું મૂલ્યાંકન ₹ 36,000 કરવામાં આવ્યું.

(3) જમીન-મકાનની કિંમતમાં 10% વધારો કરવો.

(4) યંત્રોની ચોપડે કિંમત તેની બજાર કિંમત કરતાં 25% વધુ છે.

(5) સ્ટોકની કિંમત 10% ઘટાડવી.

(6) રિકી નવી પેઢીની ચોખ્ખી મિલકતની 50% રકમ મૂડી પેટે અને પોતાના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(7) સિનિવા તેના નફાના ભાગના $\frac{1}{3}$ ભાગ જ્યારે નકુલ તેના નફાના ભાગમાંથી $\frac{1}{3}$ ભાગ રિકીને આપશે.,

જરૂરી ખાતાં તૈયાર કરી નવા ભાગીદારનાં પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો. https://www.gujaratboardonline.com

44) માનસી, નિશિલ અને નમન 4 : 3 : 3 ના પ્રમાણમાં નફો - નુકસાન વહેંચતા પેઢીના ભાગીદારો છે. માનસી તા. 31-3-2020 ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસનું તેમનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું -



https://www.gujaratboardonline.com

પાકું સરવૈયું

| મૂડી - દેવાં | | રકમ ₹ | મિલકત - લેણાં | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતાં | | | પાઘડી | 1,000 |
| માનસી | 8,000 | | જમીન-મકાન | 6,000 |
| નિશિલ | 5,000 | | ફર્નિચર | 4,000 |
| નમન | 2,000 | 15,000 | સ્ટોક | 6,600 |
| સામાન્ય અનામત | | 2,000 | દેવાદારો | 9,000 |
| લેણદારો | | 8,000 | રોકડ | 400 |
| દેવી હૂંડી | | 2,000 | | |
| | | 27,000 | | 27,000 |

નિવૃત્તિની શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) પાઘડીનું મૂલ્યાંકન ₹ 4,000 થી કરવામાં આવ્યું.

(2) કાયમી મિલકતોની કિંમતમાં 20% વધારો કરવો.

(3) સ્ટોક 10% વધુ કિંમતે દર્શાવેલ છે.

(4) નવું નફા-નુકસાનનું પ્રમાણ નિશિલ અને નમન વચ્ચે 4 : 1 નક્કી કરવામાં આવ્યું.

(5) માનસીને તેની લેણી રકમ ચૂકવી દેવી અને નવી પેઢીમાં રોકડ ₹ 1,000 રહે તે રીતે નિશિલ અને નમન જરૂરી રોકડ એવી રીતે લાવશે કે લઈ જશે કે જેથી નવી પેઢીમાં તેમની મૂડી નવા નફા-નુકસાનનાં પ્રમાણમાં રહે.

જરૂરી ખાતાં અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

45) આશા લિમિટેડે 80,000 ઇક્વિટી શેર શેરદીઠ ₹ 10 ના ભાવે જાહેર જનતામાં બહાર પાડ્યા.

કંપનીએ નીચે મુજબ રકમ મંગાવી હતી :

| | | |
|---|---|---|
| અરજી વખતે | શેરદીઠ | ₹ 4 |
| મંજૂરી વખતે | શેરદીઠ | ₹ 3 |
| આખરી હપ્તા વખતે | શેરદીઠ | ₹ 3 |

જાહેર જનતા પાસેથી કુલ 1,20,000 શેરની અરજીઓ મળી હતી. જેની કંપનીએ નીચે પ્રમાણે શેરની ફાળવણી કરી હતી :

32,000 શેર અરજદારોના પૂરેપૂરા શેર મંજૂર કર્યા.

P.T.O.



https://www.gujaratboardonline.com

24,000 શેર અરજદારોનો એક પણ શેર મંજૂર ન કર્યો.

64,000 શેર અરજદારોના 48,000 શેર મંજૂર કર્યા.

બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

46) નીચેના વ્યવહારોની કંપનીના ચોપડામાં શેરજપ્તીને લગતી અને તે શેર ફરીથી બહાર પાડવા અંગેની આમનોંધો પસાર કરો.
(બાબત જે વગર)

(A) કંપનીએ ₹ 10 ની મૂળકિંમતના હરનિશના 500 ઇક્વિટી શેર તા. 1-3-2021 ના રોજ જપ્ત કર્યા. હરનિશે આખરી હપ્તાના શેરદીઠ ₹ 3 લેખે નાણા ભર્યા ન હતા. જપ્ત થયેલા શેર કંપનીએ શેરદીઠ ₹ 8 ના ભાવે તા. 2-4-2021 ના રોજ ફરીથી બહાર પાડ્યા હતા. જે સંજયે ખરીધા હતા.

(B) તા. 10-7-2021 ના રોજ કંપનીએ ₹ 10 ની મૂળકિંમતના અવધ પાસેના 350 ઇક્વિટી શેર, જે શેરદીઠ ₹ 3 પ્રથમ હપ્તા પેટે અને શેરદીઠ ₹ 2 બીજા અને છેલ્લા હપ્તા પેટે નહિ ભરી શકવાના કારણે જપ્ત કર્યા હતા. તા. 12-8-2021 ના રોજ જપ્ત થયેલા 350 ઇક્વિટી શેર, શેરદીઠ ₹ 7 લેખે ફરીથી બહાર પાડ્યા. જે ધર્મેશે ખરીધા હતા.

(C) તા. 14-9-2021 ના રોજ ₹ 10 ની મૂળકિંમતના ફ્રુમલ પાસેના 1200 ઇક્વિટી શેર, જે શેરદીઠ ₹ 3 લેખે છેલ્લા હપ્તા પેટેની રકમ નહિ ભરી શકવાના કારણે કંપનીએ જપ્ત કર્યા. ફ્રુમલે અરજી વખતે શેરદીઠ ₹ 4 અને મંજૂરી વખતે શેરદીઠ ₹ 8 (શેરદીઠ ₹ 5 ના પ્રીમિયમ સહિત) ભરેલા હતા. જપ્ત થયેલા શેરમાંથી તા. 16-10-2021 ના રોજ 800 ઇક્વિટી શેર કંપનીએ મિનેષને શેરદીઠ ₹ 5 ના વટાવથી આપ્યા હતા.

## વિભાગ - F

■ **નીચેના પ્રશ્નોનાં માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 11 ગુણ છે.** **[22]**

47) ધર્મ અને કર્મની ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો નીચે પ્રમાણે છે :

ધર્મ અને કર્મની ભાગીદારી પેઢીનું તા.31-3-2023 ના રોજનું નફા-નુકસાન ખાતું



https://www.gujaratboardonline.com

ઉધાર | | | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| વેચેલ માલની પડતર | 1,16,000 | વેચાણ | 1,96,000 |
| ઓફિસ ખર્ચા | 20,000 | પરચૂરણ આવક | 2,000 |
| વેચાણ ખર્ચા | 16,000 | | |
| નાણાકીય ખર્ચા | 4,000 | | |
| પરચૂરણ ખર્ચા | 4,000 | | |
| ભાગીદારોના મૂડી ખાતે (ચોખ્ખો નફો) | | | |
| ધર્મ 22,800 | | | |
| કર્મ 15,200 | 38,000 | | |
| | **1,98,000** | | **1,98,000** |

**ધર્મ અને કર્મની ભાગીદારી પેઢીનું તા.31-3-2023 ના રોજનું પાકું સરવૈયું :**

| મૂડી દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી : | | | બિન ચાલુ | |
| | | | મિલકતો : | |
| ધર્મ | 40,000 | | દૃશ્ય મિલકતો : | |
| + ચોખ્ખો નફો | 22,800 | | સ્થિર મિલકતો | 60,000 |
| | 62,800 | | | |
| – ઉપાડ | 12,000 | 50,800 | રોકાણો | 12,000 |
| કર્મ | 30,000 | | ચાલુ મિલકતો | |
| + ચોખ્ખો નફો | 15,200 | | (દેવાદારો સહિત) | 28,000 |
| | 45,200 | | | |
| – ઉપાડ | 6,000 | 39,200 | | |
| દેવાં | | 8,000 | | |
| ઉપલક ખાતું | | 2,000 | | |
| | | **1,00,000** | | **1,00,000** |

વાર્ષિક હિસાબો તૈયાર કર્યા પછી માલુમ પડ્યું કે,

(1) મૂડી પર 5% વ્યાજ ગણવાનું રહી ગયું છે.

P.T.O.



https://www.gujaratboardonline.com

(2) સ્થિર મિલકતો પર 10% લેખે ઘસારો ગણવાનો છે.
(3) ભાડું ₹ 200 અગાઉથી ચૂકવ્યું છે.
(4) રોકાણો પર ₹ 400 વ્યાજ મળવાનું બાકી છે અને ઘાલખાધ અનામત ₹ 600 રાખવાનું છે.
(5) વેચાણ ખાતાંનો સરવાળો ₹ 2,000 ઓછો ગણાયો છે.
(6) ખરીદી ₹ 800 નોંધવાની બાકી છે.

ઉપરની માહિતીના આધારે, સુધારેલા વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**48)** તા. 31-3-2023ના રોજનું ધ્રુવા પ્લાસ્ટ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગતો | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| માલસામગ્રી | 55,000 | |
| કાયમી મિલકતો - દશ્ય | 4,00,000 | |
| 2,500 ઇક્વિટી શેર દરેક ₹ 100 નો તેવા | | 2,50,000 |
| વેચાણ | | 3,75,000 |
| અન્ય ઉપજ | | 10,000 |
| કર્મચારી લાભના ખર્ચા | 65,000 | |
| લાંબા ગાળાનાં ઉછીનાં નાણા | | 1,75,000 |
| નાણાકીય પડતર | 8,750 | |
| વેપારી દેવાં | | 50,000 |
| વેપારી લેણાં | 20,000 | |
| રોકડ અને બેન્ક સિલક | 30,000 | |
| ઘસારો | 11,250 | |
| વેચેલ માલની પડતર | 2,00,000 | |
| બિન ચાલુ રોકાણો | 70,000 | |
| | **8,60,000** | **8,60,000** |

**વધારાની માહિતી :**

**કરવેરાની જોગવાઈ ₹ 40,000 કરો. કંપની ધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.**

◆◆◆

https://www.gujaratboardonline.com
Whatsapp @ 9300930012
Send your old paper & get 10/-
अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,
Paytm or Google Pay से